# વાદિદેવસૂરિનુ જન્મસ્થાન કયું?

શ્રી ગોકુળભાઇ દૌલતરામ ભટ્ટ

ગયે વર્ષે પંડિત બેચરદાસજી દોશીનો "ગુજરાતી ભાષાની ઉત્ક્રાન્તિ" નામક ગ્રન્થ ફરીને ઉથલાવતો હતો તેનાં પૃષ્ઠ ૨૨૧ ઉપરના એક ઉલ્લેખ તરફ મારું ધ્યાન વિશેષે કરીને ગયું :

"વાદિદેવસૂરિ સંસ્કૃત અને પ્રાકૃત ભાષાના પ્રકાણ્ડ પંડિત હતા, પ્રખર નૈયાયિક અને અદ્ભુત કવિ હતા. શ્રી હરિભદ્રસૂરિની અનેકાન્તજયપતાકા ઉપર ટિપ્પણ લખનાર મુનિ ચંદ્રસૂરિ દેવસૂરિના ગુરુ પણ મહાપંડિત, તપસ્વી અને સુવિહિતાગ્રણી હતા અને વાદિદેવસૂરિના શિષ્યો ભદ્રેશ્વરસૂરિ તથા રત્નપ્રભસૂરિ વગેરે પણ મહાવિદ્વાન હતા. **વાદિદેવસૂરિનું જન્મસ્થાન 'મદાહત' આજનું 'મદુઆ'** આબુની આસપાસ ગુજરાત દેશના અષ્ટાદશશતી નામના એક પ્રાંતમાં તે સ્થાન આવેલું છે. સૂરિનો જન્મ વિક્રમ સંવત્ ૧૧૪૩, જાતિ પોરવાડ, પિતા વીરનાગ, માતા જિનદેવી, આચાર્યનું મૂળ નામ પૂર્ણચંદ્ર. '**મદુઆ**'માં મહામારિનો ઉપદ્રવ થયો. વીરનાગ પોતાના એ ગામને છોડીને ભરૂચમાં રહેવા આવ્યો..."

શ્રીવાદિદેવસૂરિજીની વાદપટુતા, વિદ્વત્તાની વિગતોમાં ઊતરવાનો તથા ગુજરાતની સીમાની ચર્ચા કરવાનો ઉદ્દેશ અત્રે નથી. દેવસૂરિજી જેવા વિદ્વાનનું જન્મસ્થાન કયું એની જિજ્ઞાસા જાગી. 'મદાહત' તે જ 'મદુઆ' કે 'મડાર–મઢાર?' એવો તર્ક ઊઠ્યો. મને જે કાંઈ મળી શક્યું છે તે પંડિત બેચરદાસજી તથા અન્ય વિદ્વાનોની વિચારણા—પુનઃવિચારણા માટે તથા સત્ય તારવવાની દૃષ્ટિએ રજૂ કરું છું.

"વાદિદેવસૂરિજી પોતાના અદ્વિતીય 'પ્રમાણનયતત્ત્વાલોકાલંકાર' નામના ગ્રંથમાં પ્રમાણ અને નયનું સ્વરૂપ પોતાના કાળ સુધીની ભિન્નભિન્ન માન્યતાના અવલોકનપૂર્વક યોગ્ય એકીકરણ કરી બહુ જ સુંદર રીતે સ્થાપે છે". આ ગ્રન્થના ગુજરાતી અનુવાદક શ્રી મફતલાલ ઝવેરચંદ ગાંધી સન ૧૯૩૨માં સૂરિજીનો જીવનપરિચય ઉપર પ્રમાણે કરાવતાં પૃષ્ઠ ૮ ઉપર લખે છે :

"વાદિદેવસૂરિ જ્ઞાતિએ પોરવાડ વણિક હતા ને જેઓનો જન્મ '**મડ્ડાહત**' નામના ગામમાં થયો હતો, જે આજે ઉચ્ચારમાં બદલાઈને આબુ પાસે આવેલા વૈષ્ણવોના તીર્થ મદુઆ તરીકે પ્રસિદ્ધ છે... આ '**મડાર**' યા 'મદુઆ' ગામમાં દૈવયોગે મહાન મરકી થઈ અને જેથી પોતાના કુટુંબના રક્ષણ માટે વીરનાગને બાળક અને સ્ત્રી સહિત ભરૂચ નગરમાં આવવું પડ્યું..."

'મદાહત' તે મદુઆ એ પંડિત બેચરદાસનું કથન; 'મડ્ડાહત' તે 'મદુઆ–મડાર' એ શ્રી ગાંધીનું વિધાન. મુનિ કલ્યાણવિજયજીના મતાનુસાર 'મડાહડ' આજનું 'મદુઆ' સ્થાન છે.

હવે આપણે આ સંબંધી અન્ય ઉપલબ્ધ વિગતોનું અવલોકન કરીએ.

આબુરોડ પાસે ૭ માઈલ દૂર આવેલા 'મદુઆ' સ્થાનનો ઇતિહાસ જાણી લેવો જરૂરી છે. મદુઆજી આબુરોડથી મડાર તરફ જતી પાકી સડક ઉપર આબુરોડથી ૭ માઈલ દૂર છે. તે મુંડસ્થલ (મુંગથલા) તીર્થથી અરધો માઈલ દૂર પશ્ચિમ દિશા તરફ છે. રાજા અંબરીષની રાણી તોરાવટીએ આ વૈષ્ણવ મન્દિર 'મધુસૂદન'નું બંધાવ્યું હતું. એમાં શ્રીકૃષ્ણ ભગવાનની ૪૦ ઇંચની ખડી પ્રતિમા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મન્દિરની બહાર એક કોતરણીવાળો દરવાજો છે. આ કયાંકથી લાવવામાં આવ્યો છે. આ સ્થાનનું મૂળ નામ શિલાલેખોમાં 'ફિલણીગાંવ' મળી આવે છે. સંવત ૧૬૦૦થી લખાયેલ તામ્રપત્રોમાં તથા અન્યત્ર 'મદુઆજી' તથા 'મધુસૂદન' આ નામોનો જ ઉલ્લેખ છે, કયાંય પણ આ સ્થાન માટે 'મદાહૃત, મડ્ડાહૃત, મડ્ડાહડ'નો ઉલ્લેખ નથી.

'મડ્ડાહડ્ગચ્છની પરંપરા' નામક એક હિંદી લેખમાં [૧] પુરાતત્વના અભ્યાસી રાજસ્થાનના વિદ્વાન શ્રી અગરચંદજી ભંવરમલજી નાહટા લખે છે:

"મુનિવર જયન્તવિજયજી કે ઉલ્લેખાનુસાર મડ્ડાહડગચ્છકા નામકરણ જિસ મડ્ડાહડ સ્થાન કે નામસે હુઆ હૈ વહ વર્તમાન **મડાર** (મઢાર) હૈ, જો કિ સિરોહી સે નૈઋત્યકોણ મેં ૪૦ માઇલ ઔર ડીસાસે ઇસાનકોણ મેં ૨૪ માઇલ હૈ. ભટાણાસે વાયવ્ય કોણ મેં ૭ માઇલ ઔર ખરાડીસે (આબુરોડસે) ૨૬ માઇલ પશ્ચિમમેં હૈ. સિરોહી રાજ કે તહસીલકા યહ ગાંવ હૈ.

"મડ્ડાહડ સ્થાન પ્રાચીન હૈ. **સુપ્રસિદ્ધ વાદિદેવસૂરિ વહીં કે** પોરવાડ વીરનાગકે પુત્ર થે...

"મડારમેં અભી ધર્મનાથ ઔર મહાવીરસ્વામી કે દો મન્દિર હૈં. યહાં પર મેઘજી ભટ્ટારકા ઉપાસરાભી હૈ, જો કિ ગચ્છ કે થે. મણિભદ્રયક્ષકા મન્દિર, જો **મડાર** દેવીકા મન્દિર ભી કહલાતા હૈ..." (પૃષ્ઠ ૯૬).

સિરોહી મહારાવસાહેબના અંગત મંત્રી શ્રી અચલમલજી મોદી પાસેથી પણ નીચેની ખાસ વિગતો મળી છે:

(૧) સિરોહી શ્રી અજીતનાથ ભગવાન કે મન્દિર મેં એક પાર્શ્વનાથ ભગવાનકી એક તીર્થી હૈ, જિસ પર નિમ્નલિખિત લેખ હૈ:
"સં. ૧૧૩૮ માર્ગ૦ શુ૦ ૧૦ ધારાગચ્છે **મડાહુડ** સ્થાને વર્ધમાન શ્રેયોર્થં દેવચંદ્ર સુતેન વણદેવ નકારિત"

(૨) શ્રી દેલવાડા કે લુણવસહી કે વ્યવસ્થા કે શિલાલેખ મેં ઉક્ત મન્દિર કે વાર્ષિક અટ્ઠાઈ મહોત્સવ મેં ફાગણ વદિ ૮ કા દિન **મડાહુડ** કે જૈનોં કો મનાના ઐસા ઉલ્લેખ હૈ.

(૩) **મડાહુડ** દેવી કે મન્દિર કે બહાર એક શિલાલેખ હૈ ઉસકા સંવત ભી ૧૨૮૭ કા હૈ.

(૪) શ્રી મેઘરચિત પ્રાચીન તીર્થમાળા સંગ્રહ પૃ૦ ૫૪ કડી ૧૧. 'મડાહડી સાડી વડગામ સાચરઉ શ્રી વીર પ્રણામ' (મડાર-મંડાર, વડગામ વગેરે વગેરે સાડ ગામોનો સમૂહ છે જેને સાડી કહેવાય છે.)

આવી જ રીતના નામપ્રયોગો અન્ય તીર્થમાળાઓમાં છે: **નયર મડાડ, મઢાડિ** વગેરે.

વ્યુત્પત્તિશાસ્ત્રનો આધાર શોધવા જઈએ તો શું પરિણામ આવે? આપણા પ્રસિદ્ધ પુરાતત્વવિદ્ મુનિ જિનવિજયજીને પૂછતાં તેમણે—

મદાહૃત–મડાદ–મઢાર–મડાર–મંડાર;

મદાહૃદ–મદાહૃત–મડાહર–મઢાર એ ક્રમ બતાવતાં કાસહૃદ–કાસહૃત–કારહર–કાયંદ્રા, (સિરોહી જિલ્લાનું કાસીંદ્રા) એ દૃષ્ટાંત આપ્યું.

તો પ્રશ્ન ઊઠે છે–**મદાહૃતનું મદુઆ** કેવી રીતે ફલિત થયું?! વળી એ સ્થાને જૈનોની વસતિ હતી કે?!

---

૧. અખિલ ભારતવર્ષીય જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક મુનિ સંમેલન સંસ્થાપિત શ્રી જૈન ધર્મસત્યપ્રકાશક સમિતિના માસિક મુખપત્ર 'શ્રી જૈન સત્યપ્રકાશ'ના ૧૯૫૫ની સાલના ૧૫ ફેબ્રુઆરીના અંકમાં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org